**C. C. No.595/2016**

## ઇ.પી.કો. ક. 506(2) નો ડીસ્ચાર્જ હુકમ :

કેસ નુ રેકડ વંચાણે લીધુ. હાથ ઉપર નો કેસ પોલીસ ચાર્જશીટ ના આધારે દાખલ થયેલો કેસ છે આરોપી સામેના ગુનાનું તોહમત ઈન્ડિયન પીનલ કોડની કલમ 506-2,114 મુજબનું લગાવવામાં આવેલું છે.

કેસ જોતા એવું દેખાય છે કે **૨૦૧૫** ની સાલમાં આ ગુનો નોંધાયો હતો અને તેનું ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું.

ફરિયાદમાં લખેલી હકીકતો જોવામાં આવે તો તેમાં ફરિયાદી નું કથન એવું છે કે બનાવ વખતે આરોપીએ એવી ધમકી આપી હતી કે હાથ-પગ તોડી નાખીશું /જાનથી મારી નાખીશું.

જે શબ્દો ફરિયાદમાં કહેવામાં આવ્યા છે તેવા શબ્દો substantiate થાય તે માટે ઈન્ડિયન પીનલ કોડની કલમ 503 માં ગુનાહિત ધમકી શબ્દને વ્યાખ્યાચિત કરવામાં આવ્યો છે. તેની જોગવાઈ નીચે મુજબ છે.

**503. Criminal intimidation.—**Whoever threatens another with any injury to his person, reputation or property, or to the person or reputation of any one in whom that person is interested, with intent to cause alarm to that person, or to cause that person to do any act which he is not legally bound to do, or to omit to do any act which that person is legally entitled to do, as the means of avoiding the execution of such threat, commits criminal intimidation.

**Explanation.—**A threat to injure the reputation of any deceased person in whom the person threatened is interested, is within this section.

The offense of Criminal Intimidation is defined in section 503 of IPC. The Provisions states that any person who threaten another person on bellow mentioned grounds is liable for criminal intimidation:

1. Threatens injury to his person
2. Threatens injury to his reputation
3. Threatens injury to his property
4. Threatens injury to the person or reputation of anyone in whom the person has vested interest in order to make such person do any illegal act or omit any act he is legally authorized to do in order to escape such fear of threat.

**Essentials**

**To make one penalize for criminal intimidation the following two essentials must be fulfilled:**

1. There must be a fear of threat to a person's body, reputation and possession or to whom he is most concerned.
2. The nature of fear of threat should be caused with the intention to abstain or to perform certain activities to avoid such threats.

The supreme court in the case of **Vikram Johar vs. State of Uttar Pradesh (2019)** has observed that the mere act of abusing a person in a filthy language does not satisfy the essential ingredients of the offence of criminal intimidation. And in the case of **Amitabh Adhar vs. NCT of Delhi (2000)**, it was held that a mere threat does not amount to criminal intimidation. There must be an

intention to cause alarm to the person threatened.

આ જોગવાઈ અને નામદાર સુ.કો. ના ચુકાદા જોવામાં આવે તો માત્ર ધમકી આપી એટલા શબ્દો કહી દેવા માત્રથી ગુનાહિત ધમકી પુરવાર થઇ જતી નથી. જે ગુનાહિત ધમકી આપી હોય તે એવા સ્વરૂપે હોય કે જેને કારણે ફરિયાદી કે જેના તરફ ધમકી ઉચ્ચારવા કરવામાં આવી હોય તે વ્યક્તિ પોતાની રોજબરોજની દૈનિક ક્રિયા પણ કરી શકવા માટે અસમર્થ બની ગયો હોય અને સતત ભયના ઓથાર નીચે જીવન જીવવાની ફરજ પડે તેવી પરિસ્થિતિમાં મૂકાય હોય ત્યારે ગુનાહિત ધમકી આપી છે તેમ કહી શકાય. અહીં એવું કંઈ દેખાતું નથી. વર્ષો જૂનો કેસ છે અને આ કેસમાં કેસ દાખલ થયા પછીથી આરોપીઓ દ્વારા  ફરિયાદી વિરુદ્ધ બીજું કોઈ ગુનાહિત કૃત્ય કરવામાં આવ્યું હોય તેવું અત્યાર સુધી કંઈ પણ આવ્યુ નથી. વર્ષોથી આ કેસ પેન્ડિંગ છે તે દરમિયાન ફરિયાદી કે સાક્ષીઓ દ્વારા એવી કોઇ રજૂઆત આવી નથી કે આરોપી દ્વારા ધમકી આપવામાં આવી છે કે બીજું કોઈ ગુનાહિત કૃત્ય કરવામાં આવ્યું છે જેના કારણે ફરિયાદી કે સાક્ષીઓને સતત ભયના ઓથાર નીચે જીવન જીવવા મજબૂર થવું પડ્યું હોય.

ઉપરોક્ત સંજોગોમાં ઇન્ડિયન પીનલ કોડની કલમ 506(2) ની જોગવાઈ ના ગુનાનુ તહોમતનામુ ફરમાવિ શકાય તેવો કેસ જણાતો નથી. અને તેથી warrant triabal કેસની કાર્યવાહી પ્રમાણે નહીં પરંતુ સમંસ કેસની કાર્યવાહી પ્રમાણે કેસની કાર્યવાહી આગળ ચલાવવી ઉચિત

જણાય છે. તેથી આ ગુના પૂરતા આરોપીને ડીસ્ચાર્જ  કરવો ઉચિત જણાય છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**:: હુકમ ::**

આરોપીને ઇ.પી.કો.ક.506(2) ના ગુના પુરતો ડીસ્ચાર્જ કરવામાં આવે છે.

અન્ય ગુનાઓ પુરતી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામા આવે છે.

Dt. 13/05/2023

Amdavad. **(Virendrasinh Gemalsinh Rana)**

Additional Chief Metropolitan Magistrate

Court No.23., Ahmedabad.

**GJ**00964

## –ઃ આંકઃ૧ લગત હુકમ ઃ–

**૧.** આજરોજ કેસ રેકર્ડને ધ્યાને લેતા, આરોપી વિરૂદ્ધ સમન્સ પ્રકારનો કેસ છે. આરોપી સામે નોંધાયેલ કેસ ઘણો જુનો છે. આરોપીને ઘણી વખત પ્રોસેસ ઈશ્યુ કરવા છતા તે બજે અથવા વગર બજે પરત આવેલ નથી. પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી.

**૨.** ક્રિમીનલ પ્રોસીઝર કોડ–૧૯૭૩ ની કલમ–૨૫૮ અન્વયે નિકાલ બાબતે કલમઃ૨૫૮ વંચાણે લેવામાં આવે તો તે નિચે મુજબ છે.

**કલમઃ૨૫૮ , કેટલાક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા**

**ફરીયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયના કોઈ સમન્સ કેસમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની પુર્વ મંજૂરીથી અન્ય કોઈ પણ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને **કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુક્ત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકશે તથા આવા છુટકારાથી બિનતહોમતે મુક્ત કરવામાં આવે, તેવી અસર થશે.

**૩.** આમ, આ કલમ વંચાણે લેતા, સ્પષ્ટ છે કે, ફરીયાદ પરથી દાખલ થયેલા હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવે છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુક્ત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છુટકારાથી બિન–તહોમત મુક્ત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જ્યારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુક્ત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુક્ત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનીયમ કલમ–૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહી. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈઝ કરવાની પણ સત્તા આપવામાં આવેલ

છે.

૪. આમ, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તેમજ પ્રસ્તુત કેસ ઘણો જ જુનો છે. તેમજ સદર કામના આરોપી કે તેમના જામીનદાર નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ શક્યતા જણાતી નથી. જેથી હવે આ કેસમાં ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફેકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પુરતુ ધ્યાન આપી શકાતુ નથી. તે સંજોગોમાં ઈફેકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પણ પુરતુ ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની કાર્યવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના હિતમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમઃ ૨૫૮ અન્વયે આ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહી પુરાવો નોંધ્યા વિના જ બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

## -ઃ હુ ક મ ઃ-

(૧) આ કામના આરોપી સામે હાલના કેસની કાર્યવાહી બંધ (સ્ટોપ પ્રોસીડીંગ્સ કરી) કરવાનો ન્યાયના હિતમાં હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી પાછળથી કોઈપણ તબક્કે પકડાય આવે તો તેઓની સામે આ કામનું તહોમતનામું મુકી કાર્યવાહી કરવા માટે ભારતીય ફોજદારી ધારાની કલમઃ૩૦૦(૫), મુજબની પરવાનગી આપવામાં આવે છે. જે માટે આ અદાલતની ફરીથી પરવાનગી લેવાની રહેશે નહી.

(૩) આ કામે કબજે કરેલ મુદ્દામાલ અગાઉ કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. અન્યથા કબજે કરેલ મુદ્દામાલ અનુસંધાને ક્રિમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ.
તારીખ: ૧૩ / ૦૫ /૨૦૨૩

**(વી. જી. રાણા)**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૩,અમદાવાદ.
કોડ નંબરઃજીજે-૦૦૯૬૪.